જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૭/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૪૪૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૭૯૮ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૪૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૪૪૯/૧૭

**માધવપુરાઃ** મંજુબહેન વા\ઓ શાંતીલાલ જૈન (ઉ.વ.૫૦) (રહે.સમૃધ્ધિ સોસાયટી કચ્છી ભવનની ગલી અરીહંત ટાવર સામે શાહીબાગ) તા.૧૪/૭/૧૭ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે નમસ્તે સર્કલથી શટલ ઓટોરિક્ષામાં બેસી મહેશ્વરી સેવા સમિતિ સુધી મુસાફરી દરમ્યાન ઓટોરિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ મંજુબહેન જૈનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- કાઢી લીધી હતી. આ અંગેની ફરીયાદ મંજુબહેન જૈને માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૪૫૦/૧૭

**દાણીલીમડાઃ** અબરાર સ/ઓ યુસુફભાઇ શેખ (ઉ.વ.૨૦) (રહે. અનસારી મદ્રેસા અલ્લાનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૭/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુઆ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની હે.કો. શ્રી કાન્તીભાઇ પુંજાભાઇ તપાસ ચલાવે છે.

**વટવાઃ** સંજયભાઇ હરીશચંદ્રભાઇ પટેલ (ઉ.વ.૨૨) (રહે.ગાયત્રીનગર બચુભાઇનો કુવો વટવા) એ બિમારીથી કંટાળી તા.૧૪/૭/૧૭ કલાક ૧૦/૩0 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોમજીભાઈ લાલુભાઈ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** નાનજીભાઈ નાથાભાઈ પરમાર (ઉ.વ.૪૨) (રહે. નરસિંગનગર અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૪/૭/૧૭ કલાક ૧૦/૩0 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોમજીભાઈ લાલુભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.